

ફેબ્રુઆરી - ૨૦૦૬



**કીધું અધિક ગઢપૂર,**
**સાત પુરી ચાર ધામથી જો ;**
**પ્રેમાનંદ કહે યમ દુત,**
**ભાગે ગોપીનાથ નામથી જો.**

# શ્રી સ્વામિનારાયણ ધર્મસિધ્ધાંત

વર્ષ : ૨૭ - સળંગ અંક : ૩૨૨
ફેબ્રુઆરી - ૨૦૦૬

**: સંચાલક તંત્રી :**
કોઠારી શા.સ્વા.ઘનશ્યામવલ્લભદાસજી
શ્રી ગોપીનાથજીદેવ મંદિર
ગઢડા (સ્વામિના.)

**: વાર્ષિક સભ્ય પદ :**
રૂપિયા ત્રીસ

**: આજીવન સભ્ય પદ :**
રૂપિયા ત્રણસો

**: વિદેશમાં આજીવન સભ્ય પદ :**
બે હજાર

**: છુટક નકલ :**
રૂપિયા ત્રણ

**: પત્ર વ્યવહારનું સરનામું :**
શ્રી સ્વામિનારાયણ મંદિર મુખ્ય
ગઢડા - ૩૬૪૭૫૦

**ફોન:૨૫૨૮૦૦/૨૫૨૯૦૦**

## અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | પાના નં. |
|---|---|---|
| ૧ | કિર્તન -ધન્ય ધન્ય છે ગઢપુર | ૨ |
| ૨ | દુર્ગપુર માહાત્મ્ય | ૩ |
| ૩ | બ્રહ્મરાક્ષસ - ૧૨ | ૬ |
| ૪ | સોરઠી સંતકવિ મુંજુકેશાનંદ સ્વામી | ૮ |
| ૫ | આજ્ઞા પાલકતા | ૧૦ |
| ૬ | સ્વભાવ ટાળવોપડશે | ૧૨ |
| ૭ | ઓધામા આરાધના | ૧૩ |
| ૮ | કેટલીદયા | ૧૪ |
| ૯ | સંસ્થા સમાચાર | ૧૬ |
| ૧૦ | શ્રી ગોપીનાથજી મહારાજના આખા થાળની યાદી | ૧૮ |
| ૧૧ | માહે-ડિસેમ્બર-૦૫માં શ્રીગોપીનાથજીમહારાજ નો થાળ તથા ત્યાગી સંતો, બ્રહ્મચારી, પાર્ષદોને આપવામાં આવેલ રસોઈના દાતાઓની યાદી | ૨૬ |
| ૧૨ | ફાગણ મહિનામાં થનાર અનામત તીથીની રસોઈની યાદી | ૨૭ |
| ૧૩ | ધનુરમાચમાં થતી પ્રસાદીના દાતા ઓની યાદી | ૨૮ |


**ગઢપુર ધામનો મહિમાં અને દર્શન માટે ગઢપુર મંદિરની વેબસાઈડ જુવો**
www Gopinathji.com

**માલિક, મુદ્રક તથા પ્રકાશન : શ્રી સ્વામિનારાયણ મંદિર,** ટેમ્પલ મેનેજીંગ બોર્ડ વતી, સદરહું મંદિરના મુખ્ય કોઠારી શ્રી શા.સ્વા. ઘનશ્યામવલ્લભદાસ જી. ગઢડા (સ્વા.) જિ. ભાવનગર,
**ફોન નં. (૦૨૮૪૭) ૨૫૨૯૦૦, ફેક્સ નં. ૨૫૨૮૦૦.**

મુદ્રણ સ્થાન : વૃંદાવન ઓફસેટ (શ્રી ગોપીનાથજી પ્રીં. પ્રેસ), જુના બસસ્ટેશન સામે, બોટાદ રોડ, ગઢડા (સ્વા.) જિ.ભાવનગર

## : અગત્યના સુચનો :

"શ્રી સ્વામિનારાયણ ધર્મ સિધ્ધાંત" શ્રી સ્વામિનારાયણ મંદિર ગઢપુર મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ દ્વારા પ્રકાશીત થતું મુખપત્ર છે.

"શ્રી સ્વામિનારાયણ ધર્મ સિધ્ધાંત"ભગવાનશ્રી સ્વામિનારાયણના ધર્મ સિધ્ધાંતોના પ્રચાર અને પ્રસારના ઉદેશથી પ્રકાશિત થાય છે.

તમામ હરિભક્તોને આ માસિક પત્રના સભ્ય બનીને આ ધર્મપ્રચારના કાર્યને વેગ આપવા જાહેર અપીલ છે.

તા. ૨૦ સુધીમાં અંક ન મળેતો પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કર્યા બાદ કાર્યાલયને લેખિત જાણ કરવી.

દરેક પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.

## : લેખકોને :

**ખાસ નોંધ :- લેખનું લખાણ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે લખીને મોકલવું.**

લખાણ સંપ્રદાયના માન્ય શાસ્ત્રોના સિધ્ધાંતો અનુસાર હોવું જોઈએ.

ooOO —— oOo —— OOoo

સત્સંગ સમાચારો-સંસ્થા સમાચારો વગેરે જે કાંઈ હોય તે સંક્ષિપ્તમાં અને બનેલ હકિકત આધારે મુદ્દાસર મોકલવા.

# કિર્તન

## ધન્ય ધન્ય છે ગઢપુર

### રાગ : ગરબી પદ-૧

ધન્ય ધન્ય છે ગઢપુર ધામને જો
ઘણું વ્હાલું છે શ્રી ઘનશ્યામને જો.... ધન્ય....૧
જેનો મહિમા અક્ષરધામ જેટલો જો
અવિનાશીએ ઉચાર્યો મુખ એટલો જો.... ધન્ય....૨
દાદા ખાચરના ધન્ય દરબારને જો
જેણે રાખ્યા છે જગત આધારને જો....ધન્ય....૩
ઉન્મત સરીતા વહે છે સમીપમાં જો
એવું શ્રેષ્ઠ તીર્થ નથી જંબુદ્વિપમાં જો....ધન્ય....૪
દીનબંધુ દયાસિંધુએ દયા કરી જો
મુનિનાથ ગોપીનાથને રૂપે રહ્યા જો....ધન્ય....૫
કરે વ્રત તપ જપ જે અહીં રહી જો
ફળ કોટી સંખ્યા ઘણું પામે સહી જો....ધન્ય....૬
શિવ બ્રહ્મા ઈન્દ્ર આદિ ઘણા સ્નેહથી જો
યાત્રા કરવા ને આવે દિવ્ય દેહથી જો....ધન્ય....૭
ધરી જન્મ અહીં યાત્રાએ ન આવીયો જો
અવતાર એણે તો વૃથા ગુમાવીયો જો....ધન્ય....૮
શીખે સાંભળે જે મહિમા આ ધામનો જો
તેપર રીજે દેવ દલપતરામનો જો....ધન્ય....૯

રજુ-નવનીતભાઈ પટેલ-કડધરા




# દુર્ગપુર માહાત્મ્ય

શા.સ્વા. છપૈયાપ્રકાશદાસજી - ગઢપુર(સ્વા.)

**ગતાંકથી શરૂ :-**

જુનસિંહજી રાજા પુછે કે હે બ્રહ્મન્ ! આ ગઢપુરમાં તીર્થક્ષેત્રોમાં કરવાનો વિધિ તમારા થકી સાંભળવા ઈચ્છું છું તો કહેવા કૃપા કરો, ત્યારે શ્રીશુકાનંદસ્વામી કહે છે કે:-હે રાજન્ ! મેં શતાનંદસ્વામી થકી સાંભળેલ વિધિ કહુ છું તેને સાભળો. તીર્થ કરનાર મનુષ્ય પ્રાતઃકાળે ઉઠી શ્રીહરિનું ધ્યાન અને નામોનું ઉચ્ચારણ કરે. ત્યારપછી ઉન્મતગંગાપ્રતિ જઈને શૌચ કરી શ્રીહરિને સંભારતો થકો સુર્યનારાયણ ઉગ્યે પોતાનું સંધ્યા, વંદન, સ્તુતિ



વગેરે કાર્ય કરીને શ્રી ગોપીનાથજી મહારાજ આદિ સર્વ મૂર્તિઓનું ભક્તિપૂર્વક દર્શન કરે. પછી સંત હરિભક્તોને પ્રણામ કરે અને હૃદયમાં એવું ચિંતન કરે જે “શ્રીહરિ મારા ઉપર સદાય પ્રસન્ન રહો” તેમજ સંતો થકી કથાવાર્તા સાંભળે અને પ્રતિદિન સંતસમાગમ કરે. તીર્થ કરવા આવનાર મનુષ્યે શ્રદ્ધાપૂર્વક પિંડ આપવા પૂર્વક શ્રાદ્ધ કરાવવું, ઉપવાસ કરવો, મુંડન કરાવવું પણ વ્રતવાળાએ મુંડન કરાવવું નહીં. તેમજ નિયમિત ક્ષૌર કરાવવાના નિયમવાળા સંતસન્યાસીઓએ તેમજ જેનો પિતા જીવતો હોય તેવાઓએ ક્ષૌરકર્મ કરાવવું નહીં. સધવા સ્ત્રીઓએ, દશ મહિનાની અંદર ફરી તીર્થમાં આવનારે મુંડન કરાવવું નહીં. તીર્થક્ષેત્રોમાં સંત બ્રાહ્મણોને મિષ્ટાન્નથી તૃપ્ત કરવા. તીર્થમાં બ્રાહ્મણોની પરીક્ષા કરવી નહીં. શક્તિ પ્રમાણે દાન આપવું અને દરિદ્રોએ મંદિર વાળવું વગેરે સેવા કરવી. સંતોની સેવા કરવી. આમ કરવાથી તે મનુષ્યો સમગ્રતીર્થનું ફળ મેળવનારા થાય છે. તીર્થમાં ગ્રામ્યવાર્તા ન કરવી. શ્રીહરિની ભક્તિ સિવાય એક ક્ષણ જેટલો સમય વૃથા વિતાવવો નહીં. તીર્થમાં ગૃહસ્થાશ્રમીએ બ્રહ્મચાર્યને પાળવું, વૃદ્ધસ્ત્રીઓને માતાની ભાવનાથી જુઓ, સમાન અવસ્થાવાળી સ્ત્રીઓને બહેનભાવથી જુએ, નાની ઉંમરની સ્ત્રીઓને પુત્રીભાવથી જુએ. પરસ્ત્રીનો સંગ કરવાથી મનુષ્યના સમગ્ર સત્કર્મો નાશ પામી જાય છે, તીર્થમાં કામ, ક્રોધ, લોભ, માન, રસાસ્વાદ આદિ જે અન્તઃશત્રુઓ તેને વિશેષપણે જીતવા ચોરી ન

કરે. પરનિંદાનો ત્યાગ કરે. ચાડી, મત્સર,હિંસા,દંભ,અહંકાર, અને મદ એ આદિ સમગ્ર દોષોનો ત્યાગ કરે. ઈંદ્રયો અને મનને નિયમમાં કરે, સાહસ અને વૃથા વાદનો ત્યાગ કરે. તીર્થમાં શૌચ, દયા,ક્ષમાં, મૈત્રી અને નમ્રતા વગેરે ગુણોએ યુક્ત થાય. તો સમગ્ર તિર્થનું યથાર્થ ફળ પ્રાપ્ત થાય છે. આવા નિયમોથી જે મનુષ્યો તીર્થયાત્રામાં સત્કર્મ કરે છે તે શુભ કર્મનું ફળ હજારગણું પ્રાપ્ત થાય છે. જે મનુષ્યની હાથ, પગ. રસના,શીશ્ન આદિ ઈંદ્રિયો નિયમમાં છે. અને જે વિદ્યા તપ નિયમ વગેરે ગુણોયુક્ત છે, જે મનુષ્ય ક્રોધથી રહિત છે, દઢ વ્રતવાળો, સત્યવક્તા, મત્સરથી રહિત, નિર્મળ બુદ્ધિવાળો, સ્વધર્મમાં નિષ્ઠાવાળો, સમગ્ર જીવ પ્રાણીઓમાં આત્મપણાની ભાવના રાખનારો, આવા ગુણવાળો તીર્થયાત્રાના સમગ્ર યથાર્થ ફળને મેળવે છે. હે રાજન્ ! જે શ્રદ્ધા રહિત મનવાળો છે, જે નાસ્તિક છે, જે હેતુનિષ્ઠાવાળો છે. (પર છિદ્રને ખોળનારો) આ પાંચેય પ્રકારના મનુષ્યો તીર્થફળને પામતા નથી. જે દંભ, લોભ, શઠતા, પિશુનતા વગેરે દોષોએ યુકત છે તે તીર્થ ફળને પામતો નથી. જે વિષયોમાં આસક્તિ વાળો છે, કુસંગી છે તે પણ તીર્થફળને પામતો નથી. માટે જ દોષોને ત્યાગી તીર્થો કરવા. નાનું એવું પુણ્યકર્મ જેમ હજારગણું ફળવાળું થાય છે તેમ તીર્થમાં કરેલું નાનું એવું પાપકર્મ પણ હજારગણું અધિક થઈ વૃદ્ધિ પામે છે. મનુષ્યોએ અન્ય સ્થાને જે પાપો કર્યા હોય તે તીર્થક્ષેત્રમાં નાશ પામે છે પણ તીર્થક્ષેત્રમાં કરેલા પાપો વજલેપની સમાન થાય છે માટે તીર્થોમાં નિયમપૂર્વક રહેવું, તીર્થોમાં પાપકર્મો કરવાથી મનુષ્યો પિશાચપણાને પામે છે અને સ્ત્રીઓ ડાકિનીપણાને પામીને પર છીદ્રને ખોળતા ફરે છે. અને નાના એવા પણ દોષોને જોઈને તેમાં પ્રવેશ કરે છે, ડાકિની અને પિશાચના પ્રવેશથી સ્ત્રીપુરૂષો પરસ્પર કામબુદ્ધિથી જોડાઈને પાપકર્મ કરે છે અને દ્રવ્યના લોભથી હિંસા વગેરે દુષ્કર્મમાં પ્રવર્તમાન થાય છે. આ રીતે તીર્થ કરનાર સ્ત્રી પુરૂષોને વિઘ્નો રહેલા છે. માટે જ તીર્થ કરનાર મનુષ્યોએ નિરંતર અયોગ્ય કર્મથી ભય પામવો. તીર્થમાં પરસ્ત્રીને જોવાથી, સ્પર્શ કરવાથી, આલાપ કરવાથી શાસ્ત્રવેત્તાના પુણ્ય પણ નાશ પામી જાય ઈ, તો પછી સામાન્ય મનુષ્યનું સ્ત્રીઓના સહવાસથી સત્કર્મ નાશ પામે તેમાં શું કહેવું ! માટે જ સર્વ કોઈ તીર્થ કરનારા સ્ત્રી અને પુરુષોએ પોત પોતાની ઈંદ્રિયોને નિયમમાં રાખવી. તીર્થ કરનારા મનુષ્યોએ મનની શુધ્ધિ અને દેવકાર્ય સાધવા, તીર્થમાં આવનાર મનુષ્ય, પગરખાંના દાન આપવાના પુન્યથી, હાથી ઉપર બેસીને ભગવાનનાં ધામમાં જાય છે. જે મનુષ્ય તીર્થમાં જનારને ભાતુ આપે છે અથવા ભોજનપાત્ર આપે છે તે મનુષ્ય હજાર પરબ અને સદાવ્રત આપ્યાના પુણ્યને પામે છે જે મનુષ્ય યાત્રામા જનારના પગ દાભે છે તથા જળથી પગ ધુવે છે તે મનુષ્ય આ લોક પરલોકમાં ઈચ્છિત વૈભવને પામે છે. જે મનુષ્ય અતિશ્રદ્ધાથી તીર્થક્ષેત્રની રજને પોતાના શરીરે ધારે છે અને તેમાં આળોટે છે તે માર્ગમાં થયેલા પાપ થી મુક્ત થાય છે. હે રાજન્ ! આ પ્રમાણે શાસ્ત્રોક્ત અને સત્પુરુષ સંમત એવો તીર્થક્ષેત્ર વિધિ મેં તમને કહી સંભળાવ્યો. ।।૧૮।।

રાજા કહે છે કે બ્રહ્મન્ ! તમોએ વર્ણવેલા રાજદરબારગઢનાં તીર્થસ્થાનોનું માહાત્મ્ય સાંભળવા ઈચ્છું છું તો તે કહેવા કૃપા કરો. પ્રસન્ન થયેલા શુકાનંદસ્વામી કહે છે કે હે રાજન્ ! બ્રહ્માદિક દેવો પણ શ્રીહરિના સંબંધવાળા રાજદરબારગઢના

તીર્થક્ષેત્રોનું યથાર્થ માહાત્મ્ય કહેવા સમર્થ થઈ શક્તા નથી, છતાં હું મારી બુદ્ધિને અનુસારે સંક્ષેપથી કહું છું તેને સાંભળો. હે રાજન્ ! ગઢપુરની સમાન આ પૃથ્વીમાં, સ્વર્ગમાં કે પાતાળમાં તીર્થ ક્ષેત્ર બીજું કોઈ નથી. રાજદરબારગઢમાં તીર્થક્ષેત્રોના દર્શન માત્રથી સર્વપાપ નાશ પામી જાય છે, સર્વ અમંગળો નાશ પામી જાય છે, તેમજ તે તીર્થક્ષેત્રો કરવાથી તપસ્વીઓએ ઈચ્છેલી એવી મહામુક્તિ પણ મળે છે. કાશીમાં બહુ કાળપર્યંત નિવાસ કરવાનું તથા પ્રયાગમાં બારમાસ પર્યન્ત નિવાસ કરવાથી જે ફળ મળે છે. તે આ દરબારગઢના તીર્થોના દર્શન માત્રથી મળે છે. આમાં કંઈ પણ સંશય નથી. મથુરામા કલ્પપર્યંત નિવાસ કરવાનું જે ફળ છે, તે ફળ આ તીર્થમાં પાંચ દિવસ નિવાસ કરવાથી મળે છે. ઉજ્જૈનપુરીમાં અનંત કલ્પ સુધી વાસ કરવાનું ફળ છે તે ફળ આ તીર્થ કરવા માત્રથી મનુષ્યને મળે છે. સર્વ તીર્થોમાં સ્નાન કરવાનું ફળ આ તીર્થો કરવામાત્રથી પ્રાપ્ત થાય છે. આ તીર્થ માટે ચાલતા ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. સો વર્ષ સુધી અગ્નિમાં હોમ કરવાથી જે ફળ મળે છે તે ફળ આતીર્થ ક્ષેત્રમાં એક રાત્રિ વાસ કરવા માત્રથી મળે છે. જે મનુષ્ય આ તીર્થક્ષેત્રમાં એક ઉપવાસ કરે છે તે અશ્વમેધ યજ્ઞનું ફળ મેળવે છે જે મનુષ્ય આ તીર્થક્ષેત્રને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે તેના બાળપણાથી આરંભી થયેલા પાપ માત્ર નાશ પામી જાય છે. ચારેય વર્ણના મનુષ્યો આ તીર્થક્ષેત્રની યાત્રા કરવાથી અક્ષય પુણ્યને પામે છે, જે મનુષ્યો પ્રાતઃ કાળે અને સાયંકાળે આ તીર્થક્ષેત્રનું સ્મરણ કરે છે તે મનુષ્યો સમગ્ર તીર્થ કરવાના ફળને મેળવે છે, કોઈ પણ જગ્યાઓ રહેલા મનુષ્યો જો આ પવિત્ર તીર્થક્ષેત્રને સંભારે છે તો તેને ફરી સંસારમાં ભટકવું પડતું નથી અર્થાત તેની નિશ્ચય મુક્તિ જ થાય છે. જે મનુષ્યો ને અકંટક રાજ્યની ઈચ્છા હોય, સત્પુત્રની ઈચ્છા હોય,વિપુલ ધનની ઈચ્છા હોય પતિવ્રતા પત્નીની ઈચ્છા હોય તે સર્વેએ આ તીર્થક્ષેત્રની યાત્રા અવશ્ય કરવી. આ તીર્થક્ષેત્રનું ચિંતવન કરવાથી સો વર્ષથી થયેલું માનસપાપ નાશ પામે છે. કીર્તન કરવાથી સાત જન્મનું પાપ નાશ પામે છે અહો ! બ્રહ્મા જેમાં મુખ્ય છે એવા દેવો પણ શ્રીગોપીનાથજી મહારાજના દર્શન કરવા અને આ તીર્થ સ્થાનોના દર્શન કરવા નિત્ય આવે છે. તેમજ યોગીજનો અને સિદ્ધ પુરુષો, ગંધર્વો અને કિન્નરો વગેરે પણ આ તીર્થના દર્શન કરવા વારંવાર આવે છે. આ તીર્થયાત્રા કરવામાં પ્રેરણા આપનાર મનુષ્ય રાજસૂય યજ્ઞના ફળને પામે છે.જે મનુષ્ય આ તીર્થ કરવા ધન આપે છે તે હજાર ગાયના દાનના ફળને પામે છે. જે મનુષ્ય આની યાત્રા કરવામાં વાહન આપે છે તે સો વખત કાશીની યાત્રાના પુન્યને પામે છે. જે મનુષ્ય યાત્રામાં ભુખથી પીડાતાને અન્ન આપે છે તે ગયામાં શ્રાદ્ધ કરાવવાના ફળને પામે છે તેના સર્વ મનોરથો સિદ્ધ થાય છે.યાત્રામાં અપેક્ષિત વસ્તુ આપે છે તેના સર્વ મનોરથો સિદ્ધ થાય છે. યાત્રા કરનાર મનુષ્યને જે વિઘ્ન કરે છે તો તે પાપથી તેના સમગ્ર પુણ્યમાત્ર નાશ પામી જાય છે. માટે તીર્થોમાં આવનારને વિઘ્ન કયારેય ન કરવું. હે રાજન્ ! આ પ્રમાણે આ પૃથ્વીમાં આ તીર્થક્ષેત્રો સર્વોપરી વર્તે છે. જે મનુષ્યો આ તીર્થમાહાત્મ્યને ગાશે ગવરાવશે સાંભળશે સંભળાવશે તેમના પાપ માત્ર નાશ પામી જશે ॥૧૯॥

(વધુ આવતા અંકે)

# બ્રહ્મરાક્ષસ - ૧૨

સ. પુરાણી સ્વામી કૃષ્ણસેવાદાસજી - ગઢડા

'હાશ.,વિશ્વંભર ! માંડ પુગ્યા ! હવે તો આ સામું દેખાય એ ધોળકા લાગે છેઃ અને આ સામે તળાવનો બાંધેલો દેવી મીનળનો આરો દેખાય છેઃ માટે લાવ જરા સંધ્યા-સ્નાન કરી લઉઃ સૂર્યોદય પણ થઈ ચૂક્યો છેઃ બીડાયેલા કમળો પણ ઉઘડવા માંડ્યા છે.'

એમ કહી બ્રહ્મકુમારે પોતાનો ખડીયો ખંભેથી નીચે ઉતાર્યો, અને તળાવને આરે એક બાજુ મુક્યો : માહીથી દોરી લોટો કાઢયો ત્યારબાદ શૌચાદિક ક્રિયાથી પરવારી કટિ સમાણા જલ ભાગમાં ઉતરી બ્રહ્મપુત્રે સ્નાન કર્યું : અને પૂર્વાભિમુખ ઉભા રહી, પાસે ઉગેલા કમળને તોડી, સુર્યદેવ ને અર્ધ્ય આપ્યાઃ કાનમાં રૂદ્રાક્ષની કડી, કરમાં રૂદ્રાક્ષના કંકણ કંઠમાં રૂદ્રાક્ષની મોટી માળા, કપાળમાં તાજી લગાવેલી ભસ્મ, કટિભાગમાં મુંજની મેખલા, અને મુખમાંથી એક ધારાએ ચાલતો અષ્ટાધ્યાયી રૂદ્રીનો પાઠ, એ બધું જોતા જરૂર કોઈ શ્રોત્રિય બ્રાહ્મણનો પુત્ર હશે એમ જોનારને લાગતું : સ્નાન-સંધ્યા કરી કુમારે વસ્ત્રો બદલ્યા : એક પહેર્યું, બીજાની ગાત્રી ભીડીઃ એક અંચળા જેવું આદ્દુ માથે વીંટયું : પછી કુમાર બે ઘડી મટકું માર્યા વગર ધોળકા તરફ જોઈ રહ્યો : અને મનમાં ગણગણ્યો :

'શું આ જ વિરાટનગરી ? અહીંજ પાંડવોનો ગુપ્ત નિવાસ ? શું આ સ્થળે જ પાંડવોએ વસ્ત્રો સંતાડેલા ?'

ત્યાં તો કોઈ અજાણ્યા મનુષ્યે કુમારના ખભા ઉપર હાથ મૂકી કહ્યું : 'હા ભાઈ, આ જ એ નગરી, આ જ એ ભૂમિ, અને આજ એ સ્થળઃ કુમાર ! સામે દ્રષ્ટિ કરોઃ આ જે મસીદનો મિનારો દેખાય છે, ત્યાં પૂર્વે ઉતરાનું વિદ્યામંદિર હતું : ત્યાં અર્જુને બૃહન્નલાના વેશમાં ઉતરાકુમારીને નૃત્યકળા શીખવી હતીઃ બીજા સ્થળો તો હવે નામશેષ રહ્યાં છે.'

'હા. ભાઈ, સાચું : કાળ કાળનું કામ કર્યે જાય છે; પણ હાલમાં રાજય હિંદનું છે કે !' કુમારે કહ્યું.

'ના રે ના, હિંદુરાજયના સ્વપ્ના વહી ગયાઃ અત્યારે તો રાજ્યમાં લાલ નેજાને બદલે લીલા નેજા ફરકી રહ્યાં છે; વેદની ઘોષણાને ઠેકાણે કુરાનના કલમાઓ પઢાય છે : છતાં અમારી આ ધવલપુરીમાં વેદ વિદ્યા નાશ નથી પામી. ભાઈ એટલું સારૂં છે. ભાંગ્યુ તો ય ભરૂચ છે. બૃહસ્પતિ તો નહિ, પણ બૃહસ્પતિ સમા કૈંક વાચસ્પતિ પદવીધરો આ ભૂમિમાં પડયાં છે. ને તેઓ આ વિરાટનગરીની વીશાળ કીર્તિમાં વૃધ્ધી કરી રહ્યા છે. પણ ઓહો ! આપણે તોભાઈ આડે માર્ગે બહુ ઉતરી પડ્યા તમારૂં કુશળઅંતર પૂછવાનું ભુલી ગયા. પણ તમે કોઈ પરદેશી જણાતા લાગો છો, શું નીમીતે આપનું અહીં સુધી આવવું થયું છે ? તે જો હરકત ન હોય તો જણાવો.' તે મનુષ્ય બોલ્યો

'મહાભાગ્ય, અમારા ચારૂતર પ્રદેશમાં

ઘણા વેદવેત્તા પુરૂષો વસે છે, છતાં પણ આ તમારા કંઠાળ પ્રદેશમાં એથી પણ ચડે એવા નિગમાગમના પારને પહોંચેલા આ ધોળકા માં પંડિતો વસે છે; એવું સાંભળી ; અધ્યનની તીવ્ર લાલસાથી હું આ તમારા પ્રદેશમાં આવ્યો છું : સંભળાય છે, કે કોઈ કાશીના ભણેલા પંડિતનો અહીં નિવાસ છે, અને તેઓ સરસ્વતીનું કંઠાભરણ ગણાય છે.'

'હા, કાશીનાથ પંડિત ? સાચા પણ હતા-

'એટલે ?'

'ભાઈ, હું બરાબર આ ગામનો ભોમિયો નથી, કે જેથી પાકો નિર્ણય બાંધીશકું : પણ તમે આ સામેના દરવાજેથી પેસી બ્રહ્મપોળમાં જજો, અને ત્યાં જઈ કોઈને વાચસ્પતિ મિશ્રનો વાડો પૂછજો, એટલે નીવેડો આવી જશે : ઠીકલ્યો ત્યારે, અમારે ગામ જવાની આ કેડી છે, અને તમારે ગામમાં જવાનો આ સીધો રાજમાર્ગ છે.'

એમ બેઉ જણા છુટ્ટા પડયા.

કુમાર હાથમાં દંડને પકડતો રૂદ્રાક્ષના કંકણને ખખડાવતો, ધવલપુરિના દરવાજા ભણી ચાલી નીકળ્યો.

કાશીનાથ પંડિતનું ઘર ગુજરાતભરમાં પંકાતું : વિદ્વતા ને વિજયતા, શ્રી અને સરસ્વતી, આ ભૂદેવને વર્યા હતાં : ઠેક દક્ષિણમાંથી વિદ્યાર્થીઓ કાશીનાથના સરસ્વતી મંદિરમાં આવી વસવાટ કરતા : ધોળકા નગરીના પંડિતજી સાક્ષાત મંડનીમિશ્ર ગણાતાઃ તેમના ગૃહપત્ની સ્ત્રી સમાજમાં સરસ્વતી સમાં પૂજાતાઃ રાજયમાં પણ જવરઅવર સારો અને પ્રશંસાના પાત્ર હતોઃ આંટીઘુંટીવાળા અટપટા રાજતંત્રના કુટ પ્રશ્નોનો ઉકેલ કરી ઘડીભર ભગવાન કૌટિલ્યને પણ ભુલાવતા : વિદ્યાનિધી હોવાથી પંડીતો પ્રસન્નવંદને સભામાં વાચસ્પતિ' કહી સંબોધતાઃ બહુ ઓછા બોલા હતાઃ ગરવા હતાઃ સાદાઈ અને નમ્રતા ગંગા-યમુનાના સંગમની જેમ એમની મુખમુદ્રા ઉપર તરવરતાઃ કાવ્ય-પ્રબંધમાં રસશાસ્ત્રોમાં, અલંકારશાસ્ત્રોમાં, તેઓ એકકા ગણાતા, શબ્દશાસ્ત્રમાં અને ન્યાયશાસ્ત્રમાં એમની વાગ્ધારા મંદાકીનીના પ્રવાહનું કામ કરતીઃ ધર્મશાળા,સ્વશાસ્ત્ર,અર્થશાસ્ત્રમાં, વેદવેદાંગમાં, ઉપનિષદોમાં, અદ્વિતીય પ્રતીભાની પૂર્ણ છાપ પાડતા. ટૂંકમાં પડિતજીની મહાગુજરાતમાં સારી ખ્યાતિ હતી.

પંડિતજીને એક પુંડરિક સમો પનોતો પુત્ર હતોઃ પુત્રનું મુખડું દેખી ભવભૂતિનો એક સુંદર શ્લોક વારંવાર બોલતાઃ એવો એ વ્હાલસોયો પુત્ર હતોઃ પંડિતજીને રહેવાનું નિવાસસ્થાન પણ સુંદર હતું. ઘોઘીબાર, એક ઓસરીએ શોભતા ચાર ચુનાબંધ આભલા જેવા ઓરડા, ફળીમાં ઉતારેલું રસોડું નાનો શો ચોક ચોકની એક બાજુ આવેલો કુવો, અને આસપાસ બિલીનુ ઝાડ; તુલસીના છોડ અને ફુલ -છોડથી શોભતો નાજુક બગીચો, સામીબાજુ આવેલી બજાર અને ગૌશાળા વિગેરે જોતા જોનારને કોઈ ઋષિના આશ્રમ જેવું શાન્તિનું સ્થાન લાગતું.

પંડીતજીનો ગૃહસંસાર સર્વ વાતે સુખી વહ્યે જતો હતોઃ તેવામાં એક દિવસની એક અભાગી ક્ષણે પંડિતજીનો નાનો બાળક તેલની ભરેલી લોઢાની કોઠીમાં બાળભાવથી ડોકાવા જતાં જોતજોતામાં દડી પડયોઃ અને થોડીવારમાં રામ શરણ થઈ ગયોઃ ગૃહપત્ની ઘરના કામકાજમાં ગુંથાયા હતાઃ કામથી

**(વધુ આવતા અંકે)**

# સોરઠી સંતકવિ મંજુકેશાનંદ સ્વામી

રજુ - ગુણવંત એમ. ખાટસુરિયા-ગઢડા(સ્વા.)

સોરઠની શૌર્યભૂમિમાં આવેલું માણાવદર ગામ કંઈક મુક્તોની જન્મભૂમિ હોવાનું ગૌરવ લે છે. આ જ ભૂમિ ઉપર પ્રગટયા હતા સોરઠી સંતકવિ મંજુકેશાનંદ સ્વામી. સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તિચિંતામણીમાં ''મોટા મુક્ત મહામતી'' તરીકે ઉલ્લેખ કરીને જે પરિવારને બિરદાવ્યો છે, એ વાલાભાઈ  અને જેતબાઈના પરિવારના સુપુત્ર કુલદીપ એટલે મંજુકેશાનંદ સ્વામી.

એક મુમુક્ષુ માતા પોતાના વહાલસોયા પુત્રને બાળપણથી કેવો ઉચ્ચકોટીનો વારસો આપી શકે છે તેનું ઉદાહરણ એટલે જેતબાઈ. તેમને બે પુત્રો, બન્ને ''મોટા મુક્ત મહામતી'' એમાય નાના પુત્ર પર તેમને વિશેષ વહાલ. તેનું જતન  સંસ્કાર પીર્વક ઘડતર કરતી આ માતા નિરંતર એક રટણ કરતી હતીઃ ''અત્યારે અનંત જીવોનું કલ્યાણ કરવા પરબ્રહ્મ પરમાત્માં સ્વામિનારાયણ સ્વરૂપે પૃથ્વી પર પ્રગટ વિચરણ કરી રહ્યા છે, મારો આ નાનો પુત્ર એમના ચરણોમાં સમર્પિત થાય અને શ્રીહરિના દિવ્ય મહિમાનું ગાન કરીને શ્રીહરિનો પરમ કૃપાપાત્ર બને..!'' માતા અને પિતાના ઘડતરથી એક નિરાળું ભક્ત હૃદય તૈયાર થયું. હૃદયમાં ધીમે ધીમે વૈરાગ્ય અને ત્યાગની ધુણી ધખવા માંડી. ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય અને અમાપ આકર્ષણ આ કિશોરવયના ખેડુત પુત્રના રોમેરોમમાં રોમાંચ ઉપજાવવા લાગ્યું.

એવામાં ભગવાન સ્વામિનારાયણના મહાન પરમહંસ સદ્‌ગુરૂ સ્વયંપ્રકાશાનંદ સ્વામી માણાવદર પધાર્યા. થોડા દિવસ સત્સંગ લાભ આપીને તેઓ વિદાય લઈ રહ્યા હતા ત્યારે આ ભક્ત પણ પરિવાર છોડીને તેમના મંડળમાં જોડાઈ ગયા. ગઢપુર આવ્યા. શ્રીહરિ આ નવયુવાન ભક્તને જોતા જ મલકી ઉઠયા. ત્યાગવૃત્તિથી થનગનતા આ ભક્તને શ્રીહરિએ દીક્ષા આપી અને મંજુકેશાનંદ નામ અર્પણ કર્યું. શ્રીહરિએ તેમનામાં એક ઊંચા ગજાના કવિ અને વિદ્વાનનું બીજ જોયું. એટલે જ તેમણે નિત્યાનંદ સ્વામી જેવા મહાન વિદ્વાન પાસે મંજુકેશાનંદજીને અધ્યયન કરવાની આજ્ઞા  કરી. મંજુકેશાનંદજીએ એ આજ્ઞાઝીલી લીધી. વ્યાકરણ, કાવ્ય, ઈતિહાસ વગેરેની સાથે તેમણે ભારતીય અધ્યાત્મ શાસ્ત્રોનું ગહન અધ્યયન કર્યું. ખાચ કરીને હિન્દી ભક્તિપદોનો ઊંડો અભ્યાસ કરીને તેમણે હિન્દી ભાષા ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. મરાઠી ભાષામાં પણ નિપુણ થયા. શ્રીહરિની પ્રેરણાથી તેમના હૃદયમાં જલતો કાવ્યદીપ પણ હવે અજવાળા પાથરવા માંડયો ભગવાન સ્વામિનારાયણના દિવ્ય મનોહર સ્વરૂપને, તેમના ઉપદેશને અને તેમના ચરિત્રને તેમણે કાવ્યદેહ આપવા માંડ્યો. શ્રીહરિ પ્રત્યે અનન્ય ભક્તિ ભાવથી વહેતી તેમની આ કાવ્ય સરવાણીએ સૌને દંગ કરી દીધા. ટુંક સમયમાંજ તેઓ એક ઉત્તમ ગજાના કવિ તરીકે વિખ્યાત થઈ ગયા.

એક ઉપદેશ કર્તા તરીકે તેમજ શ્રીહરિની આજ્ઞા અને ઉપાસના ના છડીદાર તરીકે મંજુકેશાનંદ સ્વામીએ જીવનભર સત્સંગમાં કથાવાર્તાના પડછંદા પણ ગુંજાવ્યા. તેમની વકતૃત્વ શક્તિ મોહક હતી. તેમને સાંભળવા માટે લોકો દોડી દોડીને ઉમટી

પડતા. દિવ્ય પ્રભાવથી પૂર્વ ખાનદેશ(મહારાષ્ટ્ર) તેમજ ગુજરાતના વિવિધ પ્રાંતો જેવા કે કાનમ, વાકળ,ચરોત્તર, અને સૌરાષ્ટ્રમાં સત્સંગનો ખુબ જ પ્રચાર કર્યો. અનેક ગામડાઓમાં તેમણે બાંધેલા મંદિરો આજે પણ મોજુદ છે.તેમણે છેક મહારાષ્ટ્ર સુધી વિચરણ કરીને સત્સંગની લગની સૌને લગાડી. ભગવાન સ્વામિનારાયણે તેમની આવી ભક્તિથી પ્રસન્ન થઈને અનેક વખત તેમને પોતાના વસ્ત્રો,પુષ્પહાર તેમજ અન્ય પ્રસાદી આપી હતી. શ્રીહરિ તેમનો સત્કાર કરીને આનંદ અનુભવતા.

સાધુતાથી સંપન્ન આ મૃદુભાષી સંત નાસ્તિકના હ્રદયમાં પણ આસ્થાની ઈમારત ખડી કરીદેતા. પૂર્વ ખાનદેશમાં અનેક ગામોમાં તેમના પ્રભાવથી કંઈક મુમુક્ષુઓ સત્સંગી બન્યા હતા.

તેમની નમ્રતા અને સેવાવૃત્તિ પણ સૌમાં પ્રેરણાની સુવાસ પ્રસરાવતી. નાનામાં નાના સાધુસંત બીમાર હોવાની ખબર તેમને મળે કે તરત જ તેઓ તેમની સેવામાં પહોંચી જતા. આ માટે જ તેઓ વૈદ્ય શાસ્ત્રોમાં પણ પ્રવિણ બન્યા. તેમના હાથે અનેક દર્દીઓ તેમજ દીન દુખિયાને નવજીવન મળ્યું. શ્રીહરિ તેમની આ સેવાવૃત્તિથી ખુબ રાજી થઈ જતા.

તેમણે કુલ છ ગ્રંથો રચ્યા છે.(૧)ઐશ્વર્ય પ્રકાશ(૨)ધર્મ પ્રકાશ(૩)હરિગીતા(૪)એકાદશી મહાત્મ્ય (૫)નંદમાલા(૬)કિર્તનો અને સ્તોત્રો. પ્રકાશિત થયેલા ''મંજુકેશાનંદ કાવ્ય'' માં ઉપરોક્ત કેટલીક રચનાઓનો સુપેરે સમાવેશ કરવામાં આવ્યો છે.

ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની તેમની શરણાગતિ અને આશ્રયની દ્રઢતા એમના પદોમાં ઠેર ઠેર પડઘાય છે. આ સંત કવિના જન્મ સમય વિશે, બાળવયના નામ વિશે કોઈ જ વિગતો ઈતિહાસમાં ક્યાંય પ્રાપ્ત થતી નથી. તે જ રીતે તેમના અક્ષરવાસ વિશે પણ ચોક્કસ માહિતી મળતી નથી. પરંતું અક્ષરબ્રહ્મગુણાતીતાનંદ સ્વામીનું વિ.સં.૧૯૨૨ તથા ૧૯૨૩ની સાલમાં વડતાલમાં અપમાન થયું તે સભાઓમાં તેમની ઉપસ્થિતી હતી. એ બાબત તેમજ અન્ય પ્રમાણોના આધારે વિ.સં. ૧૯૨૮ સુધી તેમની હૈયાતિ હોવાનું અનુમાન થઈ શકે છે.મંજુકેશાનંદ સ્વામી ક્યાંસુધી જીવ્યા એનું ભલે કોઈ ચોક્કસ પ્રમાણ ન હોય પરંતુ આજે બસ્સો ઉપરાંત વર્ષ પછી પણ એમના ભક્તિપદો સૌની જીભે અને હૈયે જીવે છે. એવું એક ચિરંતન પદ માણીને તેમને ભાવાંજલિ અર્પીએ .

તારી મુરતિ લાગે છે મને પ્યારી રે...
શ્રી ઘનશ્યામ હરિ.
રૂડી ચાલ જગતથી ન્યારી રે...
શ્રી ઘનશ્યામ હરિ. ટેક
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે...
શ્રી ઘનશ્યામ હરિ.
રૂડા લાગો છો શ્યામ શરીર રે...
શ્રી ઘનશ્યામ હરિ. ૧
તારી છાતી ઉપડતી શ્યામ રે....
શ્રી ઘનશ્યામ હરિ.
છે જો લક્ષ્મી કેરું ધામ રે....
શ્રી ઘનશ્યામ હરિ. ૨
તારાં નેણાં કમળ પર વારી રે...
શ્રી ઘનશ્યામ હરિ.
મંજુકેશાનંદ બલિહારી રે...
શ્રી ઘનશ્યામ હરિ. ૩

# આજ્ઞાપાલકતા

લેખક -
**શાસ્ત્રી સ્વામી જયેન્દ્રપ્રકાશદાસ**

આપણા ભારતીય ધર્મ શાસ્ત્રોમાં ભગવાનને રાજી કરવાના અનેક ઉપાયો બતાવવામાં આવ્યા છે જેમકે દાન વ્રત,તપ સત્સંગ સેવા આવા અનેક ઉપાયો છે પણ એમાં સર્વશ્રેષ્ઠ જો કોઈ ઉપાય હોયતો તે છે આજ્ઞાપાલકતાં પણ આજ્ઞા પાલકતા કોન કહેવાય ? આજ્ઞાપાલકતા એટલે

¥æÝfHSƒ ¨ÜU|² Ðæç„ Ü HS² ±…Ý}æ

પોતાના ઈષ્ટદેવને જે ઈષ્ટહોય તેને જ ભક્ત ઈષ્ટ માને અને પોતાના ઈષ્ટદેવને જે ઈષ્ટ ન હોય તેનો ત્યાગ કરે તેનું નામ આજ્ઞા પાલકતા અને આજ્ઞાપાલકતાથી ભક્ત ભગવાનને સદેલાઈથી વશ કરી શકે છે વિપરીત દેશ કાળમાં જયારે હોય અને ભગવાન પરીક્ષા કરે અને ભક્ત હોશે હોશે પરીક્ષામાંથી ઉત્તીર્ણ થાય તે જ ખશે ભક્ત કહેવાય.

**પ્રભુ તારી પરીક્ષા લેવાની રીત સારી નથી હોતી. જે સારા હોય છે તેની દશા સારી નથી હોતી.**

ગમે તેવા દેશકાળ આવે તો પણ પ્રભુની મરજી સમજી અને શ્રધ્ધા અડગ રાખવી.

ગમે તેવા દેશકાળ આવે તો પણ પ્રભુની મરજી સમજી અને શ્રધ્ધા અડગ રાખવી .

મહાભારત તરફ આપણે નજર કરી એતો ખ્યાલ આવે કે આજ્ઞાપાલકતા કોને કહેવાય મહાભારતનું વિનાશકારક અને ભયંકર યુધ્ધ મંડાણુ બન્ને સેના સામ સામી લડવા માટે તૈયાર હતી ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનનો રથ બન્ને સેનાની વચ્ચે લાવી ઉભો રાખ્યો અને અર્જુને સામા પક્ષ તરફ નજર કરી ત્યાં તો સામે પક્ષે.

„˜ææÐà²çySƒ„æ‹²æƒ : çÐ„Ýƒ çÐ„æ}æãæÝ J
¥æ™æ²æ‹}ææ„Hæ|ææ„‹Ð˜ææ‹²æ˜ææ‹¨¶è S„ƒæ JJ
E¨Ú‹¨NÎE± ¨Ý²æL|æ²æÚçÐ J
„æ‹¨}æèÿ² ¨ ÜUæ‹„²: ¨±æ‹ÏæÍæÝ±çSƒ„æ}æ JJ

અર્જુને બન્ને સેનાઓમાં ઉભેલા પિતા સમાન વડીલોને પિતામહોને આચાર્યોને મામાઓને ભાઈઓને પુત્રોને તથા મિત્રોને સસરાઓને આમ બાંધવોને ઉભેલા જોઈ અત્યંત કરૂણાથી ઉભરાઈ ઝઈ અર્જુન ખેદકરતો કહેવા લાગ્યો. હે પ્રભુ આ સ્વજનોને સામા ઉભેલા જોઈ મારા અંગોશિથિલ થઈ રહ્યા છે. અને વળી.

ÜUƒ |æèc}æ}æã ¨w² Îæ‡æ ™ }æÍæ¨ÎÝ J
§¯ç|æ Ðç„²æyS²æç}æ Ð…æãæ±çÚ¨ÎÝ JJ

હે મધુસૂદન ! ભીષ્મ અને દ્રોણાચાર્ય સામેહહુ કેવી રીતે યુદ્ધકરુ ! કેમકે અરીસૂદન તે ઓ તો મારા માટે પૂજવા યોગ્ય છે માટે હે પ્રભુ હુ યુદ્ધ નહિ કરૂ. આવા વચનો જયારે અર્જુને કહ્યા ત્યારે ભગવાનશ્રીકૃષ્ણએ અર્જુનને આજ્ઞા કરી

¨± {}ææÝ Ðç„Á² }ææ}æÜU àæÚ‡æ Ïæ… J

હે અર્જુન ! આ મારા ગુરુજનો છે સગાસંબંધીઓ છે. અને તેને ન મરાય આબધાજ ધર્મો છોડી અને તુ મારી આજ્ઞાનું પાલન કર.પ્રભુની આજ્ઞા મળતા જ અર્જુને યુદ્ધનો પ્રારંભ કર્યો અને ભીષ્મ દ્રોણ વગેરેનો વધકર્યો આમછતાં પણ અર્જુનને કર્મ કર્યું તો પણ તેનું પાપ લાગ્યુ નહી પણ પરમાત્માં રાજી થયાં તેમ માનવના જીવનમાં ભગવાનની આજ્ઞાનું અણીશુદ્ધ પાલન થવુ જોઈએ કારણ કે એની આજ્ઞા લોપવાનું દુ:સાહસ દેવતાઓ પણ કરતા નથી એની આજ્ઞાથીજ સર્વે દેવતાઓ

પોતાનું કાર્ય કરે છે. તૈત્તિરીયોપનિષદ મા બતાવતા કહે છે કે

|æè¯æÇS}æœmæ,,: Ð±Ý |æè¯æÎç,, ¨²: J
|æè¯æÇS}ææÎçxÝp‹Îp}æy²{æ±ç,, ÐE}æ §ç,, J

એના ભયથી વાયુ વાય છે એનાજ ભયથી સૂર્ય ઉદય પામે છે એના જ ભયથી અગ્નિ અને ઈંદ્ર અને પાંચમો મૃત્યુ આ બધા પોતપોતાના કાર્ય કરવામા પ્રવૃત્ત થયા છે. અને ભક્તચિંતામણિ નિષ્કુળાનંદસ્વામી લખતા કહે છે

**ભવ બ્રહ્મ ભૂલે નહિ, ડરે વચનથી દિગપાળ ।**
**સુરાસુર ઈન્દ્ર અંબા, કંપે વચનથી કાળ ॥**
**એવાં વચન જો જાણો અમારાં તો પાળે સહુ સુજાણ**
**એવું ન મનાય અંતરે તો માન્યું કેમ છે કલ્યાણ ॥**

ભવબ્રહ્મા દિગપાળ. ઈન્દ્ર, અંબા કાળ પણ એનુ વચન લોપતા નથી અને વચન જો લોપાય તો સ્વામી કહે તમે કલ્યાણ કેમ માન્યુ છે.

વ્હાલા ભક્તો ! આજ્ઞા પાલકતાં શીખવા માટે આપણે કયાંય બહાર જવુ પડે તેમ નથી. વચનામૃતમાં પાને પાને જેનુ નામ લખાણુ છે એવા દાદાખાચરનું જીવનચરિત્ર જોઈએતો ખ્યાલ આવે કે આજ્ઞાપાલકતા કોને કહેવાય

એક વખત દાદાખાચર હજામત કરાવવા બેઠેલા અડધી હજામત થઈ અને અડધી બાકી છે આવા સમયે દાદા ખચરનાં માધ્યમથી ભક્તોને સમજાવવા માટે મહારાજે પાર્ષદોને કહ્યું કે દાદાખાચરને કહોકે મહારાજ અને મોટેરા સંતો ભક્તો દરબારગઢમાં સભામાં બેઠા છે અને સત્સંગ માટે કાઈક અગત્યનો નિર્ણય લેવાનો છે માટે ઝડપથી તમને બોલાવે છે પાર્ષદો દાદાખાચરને આવીને કહ્યું આવા શબ્દો સાંભળતા જ વિચાર આવ્યો કે મહારાજે મને અત્યારે બોલાવ્યો છે નાવા ધોવા રહુ તો વાર લાગે અને ગામ ધણી હોવાને નાતે મારી શોભા સારા વસ્ત્રોકે અલંકારમાં નથી મારી શોભા તો મહારાજની આજ્ઞામાં છે દાદાખાચર મહારાજ પાસે આવ્યા ને હાથ જોડી બોલ્યા કહો મહારાજ શું આજ્ઞા છે ? મહારાજ કહે શુ કરતા હતા ? મહારાજ હજામત કરાવતો હતો મહારાજ કહે તો પછી આવવુતુવે દરબારોમાં તમારી છાપ કેવી પડે દાદાખાચર કહે મહારાજ જયાં સુધી તમે નોતા ઓળખાણા ત્યાં સુધી મારીશોભા રૂપમાં માનતો હતો પણ હવે મહારાજ મારી શોભા તમારી આજ્ઞા પાળવામાજ છે. દાદાખાચરે આમ કહ્યું ત્યારે મહારાજે સભાસદોને કહ્યું કે આવી આજ્ઞાપાલકતાં હોય તો કલ્યાણ થાય. અને અમે એટલે ગઢપુર ને ઘરમાનીને રહ્યા છીએ.

**(અનું સધાન પાના નં. ૧૫નું શરૂ)**

વિજળીનો ચમકારો થાય તેમ બધા દેખતા થઈ ગયા અંધો તે તો જાણે નવુ જીવન મળ્યું તેમના આનંદનો પાર ન રહ્યો તેઓ શ્રી બાળ ઘનશ્યામની સ્તુતી કરતા ચરણમાઝુકી પડયા ઘનશ્યામે તે બધાને ઉપદેશ આપ્યો કે જુઓ હવે આ આંખો થી ભગવાનના દર્શન કરજો કોઈ પાપ કરશો નહી દુર બેઠેલો બાવો તો આ બધુ જોઈને અશ્ચર્ય પામી ગયો અને ભોઠો પડતો ત્યાથી ભાગી ગયો.

વ્હાલા ભક્ત જનો જુઓ તો ખરા એ પરમ કૃપાળુ દયાના સાગર દયાનિધિની કેટલી દયા જયારે વનવિચરણ દરમ્યાન રસ્તામા પિબેકને પણ માફી આપી શરણે લીધો હતો રાજા ધિરાજ થયા પછી પણ એ પરમાત્માંને આણંદની ભરબજારમાં અપમાન સહન કર્યું શામાટે ? કેવળ જીવાત્મા ના કલ્યાણ ને અર્થે કેટલી દયા છે દયાળું પ્રભુજીની

॥ શ્રી હરિ ॥

# "સ્વભાવ ટાળવોપડશે"

જનકભાઈ ભટ્ટ-ગઢડા(સ્વા.)

મનુષ્ય માત્રમાં કોઈને કોઈ પ્રકારનો સ્વભાવ વિષિષ્ટ પ્રકારે વર્તે છે કોઈકામી કોઈ ક્રોધી કોઈ લોભી, કોઈ ઈર્ષાળું, કોઈ અ-દેખો, કોઈ મોહમમત્વ વાળો, તો કોઈ નિરાભીમાની, કોઈ દયાળું, કોઈ શાંત, કોઈ મૌનીતો કોઈ એકાંતીક સ્વભાવવાળા છે તેમાં અકલ્યાણ કારી સ્વભાવ પોતાના માટે, કુટંબ પરિવાર માટે આડોસી પાડોસી માટે, સગા સ્નેહી ઓ માટે ખતરારૂપ છે. જયારે કલ્યાણકારી સ્વભાવ સર્વના માટે સુખદાઈ છે.

અકલ્યાણ કારી સ્વભાવ સંત,શાસ્ત્ર કે સ્વાધ્યાય દ્વારા ટાળવા પડશે. સાળંગપુર વચનામૃત શ્રીજી મહારાજે સ્વભાવ(અકલ્યાણકારી) ટાળવાનો ઉપાય બતાવ્યો છે. સતસંગીઓને પણ જો કું સંગ થાય, તો તેના હૃદયના વિષે કુસંગ રૂપી પાણીના વેગે કરીને જગત વાર્તા રૂપ, કામ-ક્રોધ-લોભ- મોહ-મદ-મત્સરાદિ જે બીજ હોય છે. તે સર્વે ઉગીને મોટા વૃક્ષો થાય છે. માટે ભગવાનના ભક્તોએ, કોઈ દિવસ કુંસંગીનો સંગ કરવો નહી, "નરહાથી નારાયણ વેગળા" રહે છે. તો આપડે બીચારા શું ? આપડામાં કોઈ અકલ્યાણ કારી સ્વભાવ હોય તો તેને સંત સંમાગમ કરી સમજી વિચારી ને રાખવા પ્રયત્ન કરવો જોઈએ.

સમજયા વગરનું સાધન કરવા છતા નકામુ ।
અનુભવ વગરનુ કિર્તન ગાવા છતા નકામુ ॥

પાંચ હજાર રૂપિયાનો મોબાઈલ હોય પણ તેનું એકપણ બટન દબાવતા ન આવડતુ હોય તો તે મોબાઈલ શું કામનો ? તેમ તાળી પાડીં પાડીને કિર્તન ગાતા હોય ભજન ગાતા હોય પણ તેનું હાર્દ ન સમજાય તેને અંદરથી ન અનું ભવાતુ હોય તો તે ગાવુ શુ કામનું ? તે થી સમજી વિચારી આપણા માં પડેલા અકલ્યાણ કારી સ્વભાવ સંત સમાગમથી ટાળીયે જય શ્રી સ્વામિનારાયણ

---

**(અનું સધાન પાના નં.૧૪નુ શરૂ)**

વગેરે કેફી વસ્તુ ખાવી નહી પીવી નહી ભાંડ ભવાઈ જોવી નહી આવા બધા નિયમો આપ્યા અને પછીથી ભગવાનને નૈવેદ્ય ધરી સંતો રોટલા જમ્યા

તે વખતે મેથાણ ગામમાં એક પણ સત્સંગી નું ઘર નહોતું પણ ગામના માણસો આસ્તિક અને મુમુક્ષુ હતા જેથી સંત બ્રાહ્મણને દેખી તેઓના મનમાં પુજય ભાવ પેદા થતો. નિત્યાનંદ સ્વામી તથા મહાનું ભાવાનંદ સ્વામી ની કરૂણામય દૃષ્ટિથી ગામમાં સારો સત્સંગ થયો અને પછીતો ગામના આગેવાન પૂંજા ભાઈએ શ્રીજીને અનેકવાર પધરાવી અનેક લીલાઓ કરાવી અણમુલા લ્હાવા લીધા અને મુક્તિને ભુક્તિના આશિર્વાદ શ્રીહરિ પાસે થી લઈ જગતમાં અને સત્સંગમાં મોટી કીર્તિ મેળવી અમર બન્યા.

જેમ કોઈ કુશળ અને શુરવીર રાજા પોતાના લશ્કરને અનેક પ્રકારની તાલીમો આપી કવાયતો કરાવી બહાદુર બનાવે છે તેમ અનંત ભુવનના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સંતો ને અનેક પ્રકરણો ફેરવી કવાયતો કરાવી અને

**(અનું સધાન પાના નં.૨૫ પર)**

# ઓધામાં આરાધના

લે.જી.એન.કોઠારી(પીઠવડી)

કોરે આભે આંટો દઈને સુર્ય નારાયણ અસ્તાચલમાં આથમ્યા થોડી વાર લાલાશ રહી અંધારાના ઓળા અવની પર ઉતર્યા અને ઘુંટાઈ ઘુંટાઈ ને ઘાટા બન્યા અંદર તારલાઓ ટગટગવા લાગ્યા ઓતરાદી ખુણાનો ટાઢો હીમ જેવો વાયરો ઝીંકુ દઈ દઈને વાઈ કહ્યો હતો ટાઢ નો ચમકારો આખો દિવસ ચાલું રહ્યો હતો તેમાંય વળી રાત્રીના ભાગમાં કાળજુ કંપાવી નાખે તેવી કાતિલ ઠંડી દરેક પ્રાણીઓને ધ્રુજાવી રહી હતી. ગામના માનવીઓ વાળુ પાણી કરી મોઢામાંથી સીસકારા કરતા. કાન બાંધી ગોદડાં ધાબળા ઓઢી બારી બારણા બંધ કરી સુઈ ગયા હતા કયાંય પણ માનવ અવાજ સંભળાતો ન હતો. સાવ સોપો પડી ગયો હતો. ખેતરમાં ટાઢથી ધ્રુજતા શિયાળીયા ઓ ''હુકો-હુકો'' શબ્દ કરાને લાળી કરતા હતા પોષ મહીનાનું પહેલુ પખવાડિયુ હતું લોકો ના ખેતરમાં ચારના ઓધા ઉભા હતા.

આવે વખતે પ્રગટ પુરુષોત્તમના ઉપાસક મહાન અલક્ષ યોગીઓ ટાઢથી ધ્રુજતા એક બીજાને વાત કહેવા લાગ્યા. આજે શરીરમાં બરાબર મજા નથી અને ટાઢતો વધતી જાય છે. કેમ કરીશું ? તે સાંભળી બીજા યોગીએ કહ્યું ''તો ચાલો આ સામે દેખાય તે ચારના ઓધામાં પૂળા એક બાજુ કરી બેસી જઈએ અને આડા પુળા રાખી મહારાજ ની મુર્તિનું ધ્યાન કરીએ, એટલે ટાઢથી આપણી રક્ષા થશે અને સુખેથી મહારાજ નું ધ્યાન થશે.'' આમ વિચારી આ બંને યોગી ઓએ ઓધામાં આશરો લીધો.

ઝાલાવાડ અને જતવડના જયાં સિમાડા સંધાય છે ત્યાં મેથાણ નામે રૂપાળું ગામડું આવે છે. પડખામાં જ સરોવર છે શિયાળાની કડકડતી ટાઢથી દરેક માનવી ઓ ધ્રુજી ઉઠયા છે અને તે નિવારણ કરવા ગોદડા ધાબળા પછેડીયુ, ચોફાળ ઓઢીને પોતાના કાર્ય કરવા માટે તત્પર થયા છે કંકુવરણી ઉગમણી દિશામાં ઉદય ચલની સીમને ઓળંગવા રવિ દેવ તૈયારી કરી રહ્યા છે તારલા ઓ આકાશ માં સંતાવા લાગ્યા આખોય ઘુમંટ સુર્યના તેજથી પ્રકાશિત થવાનિ તૈયારી માં છે

આવે વખતે મેથાણ ગામના ક્ષત્રિય ખેડુતો હરિસિંહજી અને માલ સિંહજી ગાડા જોડી કડબ ભરવા ખેતરે આવે છે બન્ને બળદિયાની માથે ભાતીગળ જાડા લુગડાની ઝુલો ઓઢાડી છે ગળે ઘુઘરા રણકે છે ગાડા ઓધા આગળ આવીને ઉભા રાખ્યા અને કડબના ઓધા ગાડામાં ખડકવા માટે હરિસિંહજી પુળાઓને બાથ ભરવા જાય છે તેવામાં અંદર થી શબ્દ સંભળાયો એટલે ભય પામી હરિસિંહજી, મોટાભાઈ માલસિંહજીને કહે છે કે ''મોટા ભાઈ ! આ ઓધામાં તો સાવજ હોય તેમ લાગે છે જુઓને અંદરથી કાંઈક અવાજ આવે છે !''

અરે ભાઈ ! ત્યાં વળી સાવજ કેવો ? હશે કોઈક જાનવર !

ના ના ભાઈ જુઓતો ખરા ! અંદર ઓધામાં ઘુ..રરા..ટી થાય છે એટલે નક્કી સાવજ હોય તેમ લાગે છે

''અરે ! હરીસિંહજી આવડો મોટો જુવાન થઈને ડરે છે શું ? લે ગાડામાં પડેલી કોદાળી ઉપાડીને

નાખ ઓધામાં એટલે એમા જે હશે તે ભાગી જશે એમ જો કદાચ સામો થશે તો આપણે બન્ને મળીને તેને પુરો કરીશું''

આ વાત સાંભળતાજ હરીસિંહજીના મનમાં ચાનક ચડીકે એકજ ધાએ તેનું ડાલાજેવું માથુ ફોડી નાખુ આમ વિચાર કરી હાથમાં કોદાળી લીધી અને શુરવીતાથી ભરપુર એવા એ યુવાને ધા કરવાની તૈયારી કરી ત્યાં તો....

બાજરાના પુળા એક બાજુએ કરીને હાથમાં માળા લઈ એક અંતર વૃતિ વાળા મહાપુરુષ નીકળ્યા અને તુરંત બીજી બાજુથી તેવાજ બીજા મહાપુરુષ નીકળ્યા.

આ બન્ને સત્પુરૂષના દર્શનથી હરિ સિંહજી તથા માલસિંહજી બંને આશ્ચર્ય ચક્તિ થયા અને મનમાં વિચાર કરવા લાગ્યા.

અરે ! આ ધડીજ આપણે હાથે કાળુ કામ જઈ જાતને। તુરત જ દોડીને બન્ને જણ મહાપુરૂષોના પગમાં પડયા અને કહ્યું કે હે મહારાજ ! આપને અમો હમણાજ મારી નાખત અને બહુજ ભુંડુ થાત તમો મહાન તપસ્વી સંત ભગવાનની આરાધના કરતા આ ઓધામાં બેઠા હતા. પણ અમો એતો સિંહ સમજી કોદાળીના ઘાથી તમારૂં મૃત્યું નિપજાવવા નિરધાર કર્યો હતો. પણ આપ બહાર નીકળ્યા અને અમોને દર્શન આપ્યા એ ધણુંજ સારૂ થયું નહીતર તો કાળો કેર થઈ જાત ''તમો અહી જંગલમાં એક વસ્ત્રભર ઓધામાં ઓથ લઈને શા માટે રહો છો ? વસ્તી માં આવો તો ઓઢવા પાથરવાનું રહેવાનું અને જમવાનું આ બધી સગવડતા મળે''

સંતો એ જવાબ આપ્યો કે અમારા ગુરૂ ભગવાન સ્વામિનારાયણે અમોને વસ્તીમાં જવાની મનાઈ કરી છે. ફક્ત દિવસમાં એકવાર ભિક્ષા લેવાજ જવું બાકી ટાઢ તડકા અને વરસાદની ધારાઓને સહન કરી જંગલમાં તપ કરવાની આજ્ઞા આપી છે એટલે અમે તપ કરીએ છીએ.

ઉપર પ્રમાણે સંતોના શબ્દો સાંભળી તથા સંતોના દર્શન થી અંતરમાં જાગેલી લાગણી થી બંને ક્ષત્રિય બંધુઓએ વિધા વારિધિ નિત્યાનંદસ્વામી તથા સત્સંગના અણમુલા સ્થંભ સમા મહાપુરૂષ મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું કે મહારાજ ! આજે અમારા માથેથી મોટુ કલંક આવતુ દુર થયું છે તો હવે અમો આ ભાતુ લાવ્યા છીએતે આપ જમો અને અમોને આશીર્વાદ આપો અમારા મોટા ભાગ્ય કે આપના જેવા મહાન પુરૂષોના અત્યારના પહોરમાં દર્શન થયા તો દયાળું આ રોટલા જમી અમારૂં કલ્યાણ કરો બંને સંતો એ કહ્યું કે ''અમારે હજુ દાતણ કરવુ છે અને સ્નાન કરવું છે તે સાંભળી એક ભાઈ તુરત જ બે દાતણ કાપી આવ્યા અને મોટા ભાઈ એ કહ્યુ કે ''મહારાજ ! અમારી સાથે ચોખ્ખા પાણીના આ બે બંબા ભર્યા છે તેમાંથી સ્નાન કરો અને પછી થી જમો.''

આવા તે મુમુક્ષુ ભાઈઓના શબ્દો સાંભળી પ્રસન્ન થયેલા બન્ને સંતો એ દાતણ પાણી કરી બંબાના પાણી વડે સ્વામિનારાયણ ભગવાનને સંભારી સ્નાન કર્યું અને પછીથી પોતાનો નિત્યવીધી કરી બંને ભાઈ ઓને પાસે બેસાડી પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ ના મહીમાની વાતો કરી તે ઓને મહાપ્રભુનો નિશ્ચયકરાવી વર્તમાન ધરાવી સત્સંગી બનાવ્યા ને દારૂ,માટી, ચોરી, અવેરી, વટલાવવું નહી દુધ પાણી વગેરે ગાળીને પીવા ભાંગ તમાકુ

**(અનું સધાન પાના નં. ૧૨ પર)**

# કેટલી દયા

લેખક આર.વિ.સુહાગિયા-પીઠવડી

**જયારે સોનાની લંકા લુંટાય ત્યારે ઉંઘ અભાગીને થાય । જયારે અમૃત નો સિંધુ રેલાય, ત્યારે તરસ્યો અભાગીયો જાય । તેમ હરિએ કરી લીલાલેર કર્યું કલ્યાણતો ટકે શેર । તોય લેવાન આવે અભાગી નજુએ મોહ નિંદાથી જાગી ।**

વિહારી લાલજી મહારાજ કહે જયારે સોનાની લંકા લુંટાતી હોય ત્યારે ઉંઘ તો અભાગીયો હોય તેને આવે અને જયારે અમૃત નો સાગર રેલાય ત્યારે અભાગીયો જ તરસ્યો રહી જય છે એમ કળિયુગમાં શ્રીહરિએ પ્રગટ થઈને લીલા લહેર કરી છે કેવળ જીવાત્માના કલ્યાણને અર્થે પ્રગટ થઈને કેટલાય દુઃખો સહન કર્યા અરે સાતસાત વર્ષ વન વિચરણ કરી અનેક જીવાતમાનાં કલ્યાણ કર્યા ઉઘાડે પગે એક વસ્ત્રભેર કયારેક જમવાનુ મળે અને કયારેક ન પણ મળે તો પણ એ દયાળું ભગવાન સાત સાત વર્ષ વન વેઠયું કેટલી દયા એ પરમાત્માની.

એક વખત છપૈયા માં બાલમિત્રો સાથે શ્રી બાળ ઘનશ્યામ મીન સરોવરમાં નહાવા ગયા સરોવરના કાંઠે આવીને જોયું તો એક માછીમાર માછલા મારી ટોપલો ભરે બધાય મિત્રોને તો ગંધ આવવા લાગી એટલે છી કરી જતા રહ્યા પણ શ્રી બાળ ઘનશ્યામ પ્રભુને આ જોઈ દયા આવી માછલા પર અમૃતદષ્ટિ કરી તેથી તે બધા માછલા સજીવન થઈ કુદી કુદી ને પાણીમાં પડયા આ જોઈને માછીમારને થયુ કે નક્કી આ કામ પેલા ચમત્કારીશ્રી બાળ ઘનશ્યામનું જ છે તેથી તે બુમો પાડતો શ્રી બાળ ઘનશ્યામને મારવા દોડયો શ્રી બાળ ઘનશ્યામે તેને નિર્દોષ જીવોની હિંસાની ફળરૂપે યમપુરી દેખાડી શ્રી ઘનશ્યામની જગ્યાએ તેને યમરાજા દેખાયા યમરાજાનું વિકરાળ રૂપ જોઈને તે ધ્રુજવા લાગ્યો હાથ જોડીને કહે હવે હુ માછલા નહિ મારૂ મને માફ કરો એમ કહી ઘનશ્યામની માફી માગવા લાગ્યો શ્રીબાળ ઘનશ્યામ તેને હિંસા ન કરવાનો બોધ આપ્યો. જુઓ તો ખરા મારવા દોડનારને પણ માફી આપી કેટલી દયા એ દયાળુ શ્રી બાળ ઘનશ્યામની.

એક દિવસ શ્રી બાળ ઘનશ્યામ પિતાની સાથે તળાવે થી સ્નાન કરીને પાછા આવતા હતા ત્યા રસ્તા માં એક બાવો ધુણી ધખાવી ને બેઠો હતો તેની પાસે ત્રણ ચાર સુરદાસ બેઠા હતા તેઓ બાવાને આજીજી કરતા હતા કે કૃપા કરીને અમને દેખતા કરો અમે તમારો આભાર જિંદગીભર નહી ભુલીએ બાવો બંધાને ખિજાતો ખિજાતો તે બધાને પૈસા લાવો તો દેખતા કરૂ એમ કહીને પૈસા માગતો હતો પેટ પુરતુ ખાવાનું પણ માંડ માંડ મળતુ હોય ત્યા પૈસા કયાથી હોય અંધો આકાશ સામું જોઈ ભગવાનને પ્રાર્થના કરતા હતા કે હે પ્રભુ તારે ઘેર આવો ન્યાય ? અમે આંધળા પૈસા કયાથી લાવીએ ? અંધોની આવી દુઃખ દર્દભરી વાણી સાંભળી ને શ્રી બાળ ઘનશ્યામ ને દયા આવી તે ઓ તેમની પાસે ગયા અને કહ્યું કેમ પેલા બાવાજીએ તમને દેખતા ન કર્યા ? અંધોએ કહ્યું ભાઈ બાવાને અમે ઘણી આજીજી કરી પણ પૈસા ના ભુખ્યા બાવાએ અમારૂ એક પણ વેણ ન સાંભળીયુ શ્રી બાળ ઘનશ્યામે કહ્યું એ બાવો શુ તમને દેખતા કરે જુઓ હુ તમને દેખતા કરૂ છું એમ કહીને શ્રી ઘનશ્યામે પોતાના હાથની કોમળ આંગળીઓ અંધોની આંખો પર ફેરવી જાણે

**(અનું સધાન પાના નં. ૧૧ પર)**

# સંસ્થા સમાચાર

## ગઢપુરધામમાં ભવ્ય ૧૨ કલાક ની અખંડ ધૂન્ય

